**વિદેશી ફાળો /દાન મેળવવા માટેની પૂર્વમંજુરી (ફોર્મ એફસી–૧એ) ની તથા રજીસ્ટ્રેશન (ફોર્મ એફસી–૮) ની અરજીઓની ચકાસણી કરવા બાબત...**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંકઃ એફસીઆર/સેલ/૩/૨૦૦૭
તા.૧૮/૩/૨૦૦૮.

**પરિપત્ર :–**

આ વિભાગના સરખા ક્રમાંકના તા. ૧૯/૯/૦૭ અને તા. ૧૫/૨/૨૦૦૮ ના પરિપત્રોથી વિદેશી ફાળો મેળવવા માટેની પૂર્વમંજુરી(ફોર્મ એફસી–૧એ) ની તથા વિદેશી ફાળો મેળવવા રજીસ્ટ્રેશન (ફોર્મ એફસી–૮) ની અરજીઓની ચકાસણી કરવામાં સરળતા રહે તે હેતુથી જરૂરી સુચનાઓ તેમજ અલગ અલગ બે ચેકલીસ્ટ તૈયાર કરીને આપને મોકલવામાં આવેલ છે. તથા આવી દરખાસ્ત સાથે કયા કયા દસ્તાવેજો / આધાર/પ્રમાણપત્રો સામેલ રાખી રાજય સરકારની પૂર્વ મંજુરી અર્થે ગૃહ વિભાગને મોકલી આપવી તે અંગે આ વિભાગના તા.૪/૩/૨૦૦૮ ના પરિપત્રથી વિગતવાર માર્ગદર્શન આપવામાં આવે છે. આ સંદર્ભમાં નીચે મુજબની વધુ ચોકસાઈ માટેની વિશેષ સુચના આપવા નિર્ણય લીધેલ છે.

આથી તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને જણાવવામાં આવે છે કે વિદેશી ફાળો મેળવવા માટે ભારત સરકારની પૂર્વમંજુરી મેળવવા કે ભારત સરકાર પાસે નોંધણી કરાવવા અરજીકરનાર ટ્રસ્ટ કે સોસાયટીની ચેરીટી કમિશ્નરશ્રી પાસે નોંધણી કરાવ્યાના આધાર મેળવવા ઉપરાંત આવા ટ્રસ્ટ કે સોસાયટીની પ્રવૃત્તિના સંચાલનના સંદર્ભમાં તથા તેના ટ્રસ્ટીઓની હાલની પ્રવૃત્તિ, ચારિત્ર્યકે પૂર્વ ઈતિહાસના સંદર્ભમાં ચેરીટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, મીરઝાપુર રોડ, ખાનપુર, અમદાવાદ–૩૮૦૦૦૧ ને જરૂરી વિગતો અને માહિતી સાથે લખાણ કરીને ચેરીટી કમિશ્નરશ્રીનો તે અંગેનો અભિપ્રાય/અહેવાલ તેમજ જે તે સંસ્થાની નોંધણી/પૂર્વમંજુરી માટે "ના વાંધા પત્રમાણપત્ર (એન.ઓ.સી)" મેળવવાનું રહેશે અને તેની નકલ સંસ્થાની અરજી સાથે સામેલ રાખવાની રહેશે. તથા આ વિભાગના તા.૧૯/૯/૨૦૦૭ ના પરિપત્ર સાથે સામેલ રાખેલ ફોર્મ એફસીએ–૧એ ના ચેકલીસ્ટના મુદ્દા–૧ ની નીચે મુદ્દા "કે" તરીકે તથા ફોર્મ એફસી–૮ ના ચેકલીસ્ટના મુદ્દા–૪ ની નીચે મુદ્દા "જી" તરીકે નીચેનો મુદ્દો ઉમેરવા આથી જણાવવામાં આવે છે.

"અરજી કરનાર સંસ્થાની પ્રવૃત્તિના સંચાલનના સંદર્ભમાં તથા તેના ટ્રસ્ટીઓની હાલની પ્રવૃત્તિ, ચારિત્ર્ય કે પૂર્વ ઈતિહાસના સંદર્ભમાં ચેરીટી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, મીરઝાપુર રોડ, ખાનપુર, અમદાવાદ–૩૮૦૦૦૧ પાસેથી અભિપ્રાય/અહેવાલ તેમજ એન.ઓ.સી. મેળવેલ છે કે કેમ? જો 'હા' તો તેની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવી."

ઉપર જણાવેલ સુચનાનો ચુસ્તપણે અમલ થાય તે જોવા વિનંતી છે.

મ.મ.પરીખ
(એમ.એમ. પરીખ)
નિયામક,
એફસીઆર સેલ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
સર્વે જીલ્લા કલેકટરશ્રી અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.